ક્રમાંક:ફજદ/ ડો.સર્ટી.સમિતિ/વશી- ૯૯૦૦૦૭ /૨૦૧૮
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી,
આહવા જિ.ડાંગ. તા.૦૯/૦૭/૨૦૧૮

વંચાણમાં લીધુ:-

(૧) સરકારશ્રીના ગૃહવિભાગના ઠરાવ ક્રમાંક: MIS/65/2018/F-II (પાર્ટ ફાઇલ) તા.૦૬/૦૭/૨૦૧૮

હુકમ:-

ગુજરાત સરકારના ગૃહ વિભાગના આમુખ-(૧) ના ઠરાવથી ડોમીસાઇલ સર્ટીફીકેટની ચકાસણી બાબતે સમિતિની રચના કરવા અંગે વિગતવાર સુચના આપેલ છે.

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નંબર-૧૦૧૬૪/૨૦૧૮ સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટના સરકારી વકીલશ્રીના તા.૦૪/૦૭/૨૦૧૮ના પત્ર મુજબ જે ડોમીસાઇલ સર્ટીફીકેટ અપાયેલ છે તે સર્ટીફીકેટના વેરીફીકેશનની કાર્યવાહી એડમીશન પ્રક્રિયાની સાથોસાથ કરવામાં આવે અને ડોમીસાઇલ સર્ટીફીકેશનની બાબત ગૃહ વિભાગની હોવાથી ડોમીસાઇલ સર્ટીફીકેટ વેરીફીકેશન ટીમને અમદાવાદ ખાતેના ચાર હેલ્પ સેન્ટર તેમજ અન્ય સાત હેલ્પ સેન્ટરો ખાતે ટીમ નિયુકત કરવા અને ડોમીસાઇલ સર્ટીફીકેટ વેરીફીકેશનની કામગીરી તા.૨૦/૦૭/૨૦૧૮માં પુર્ણ કરવા બાબતે જરૂરી હુકમો કરવા જણાવેલ છે

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની ઉકત દરખાસ્ત અને કાળજી પુર્વકની વિચારણા બાદ ચાલુ વર્ષે (વર્ષ-૨૦૧૮) મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદીક, હોમીયોપેથીક અને નેચરોપેથી પ્રવેશ માટે તે વિભાગના તા.૦૪/૦૫/૨૦૧૮ના સુધારા પ્રવેશ નિયમો અન્વયે જે વિધાર્થી ગુજરાત રાજયનો ડોમીસાઇલ હોય તેને પ્રવેશ આપવા સંદર્ભે પ્રવેશ સમિતિ ખાતે અરજી કરેલ વિધાર્થીઓના ડોમીસાઇલ સર્ટીફીકેટની ચકાસણીની કામગીરી માટે ડાંગ જિલ્લામાં નીચે જણાવ્યા મુજબની સમિતિની રચના કરવા આથી હુકમ કરવામાં આવે છે.

ડાંગ જિલ્લામાં ડોમીસાઇલ સર્ટીફીકેટ ચકાસણી માટેની પ્રાંત કક્ષાની સમિતિ

અ.નં.	અધિકારીશ્રીનો હોદ્દો	સમિતિમાં હોદ્દો
૧	નાયબ કલેકટર અને પ્રાંત અધિકારીશ્રી, આહવા જિ.ડાંગ	અધ્યક્ષ
૨	એ.સી.પી.યુ.જી.એમ.ઇ.સી. કોર કમીટી દ્વારા નિયુકત પ્રવેશ સમિતિના અધિકરી/કર્મચારી	સભ્ય
3	જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, આહવા જિ.ડાંગ	સભ્ય
૪	મામલતદારશ્રી, ડીઝાસ્ટર આહવા જિ.ડાંગ	સભ્ય

ઉકત સમિતિએ નીચે મુજબની કાર્યવાહી કરવાની થાય છે.

(૧) સંબંધિત ઉમેદવારોએ ડાંગ જિલ્લાની પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારીશ્રી સમક્ષ ડોમીસાઇલ સર્ટીફીકેટ અને તેને આનુષંગીક જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો ઉપરાંત ધોરણ-૧૨ની માર્કશીટ, ધોરણ-૧૦ની માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, જાતી પ્રમાણપત્ર- ક્રીમીલેયર પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) ફી ભર્યાની રસીદ વગેરે પ્રમાણપત્રો /દસ્તાવેજો ડોમીસાઇલ સર્ટીફીકેટ વેરીફીકેશન માટે રજુ કરવાના રહેશે.

(૨) ડોમીસાઇલ સર્ટીફીકેટ વેરીફીકેશન સમિતિએ મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદીક, હોમીયોપેથીક અને નેચરોપેથી પ્રવેશ માટેના ઉમેદવારો દ્વારા રજુ થયેલ ડોમીસાઇલ સર્ટીફીકેટ સંબંધિત દસ્તાવેજો/પ્રમાણપત્રો જોઇને ડોમીસાઇલ સર્ટીફીકેટ ઉપર **VERIFIED OR REJECTED** ના સિક્કા લગાવી સહી કરી તેની યાદી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટીને રજુ કરવાની રહેશે. ઉપરાંત કોઇ વધુ પુરાવાની જરૂરીયાતના કેસમાં વેરીફીકેશન ટીમે તે અંગે ઉમેદવારને જણાવી તે પુરાવા મેળવીને યોગ્ય નિર્ણય લઈ શકશે.

(૩) એડમીશન પ્રક્રિયા સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ MCI એ નક્કી કરેલ સમય પત્રક મુજબ થતી હોવાથી તારીખ અને સમય પત્રકનું પાલન ફરજીયાત હોઇ ડોમીસાઇલ સર્ટીફીકેટ વેરીફીકેશન પ્રક્રિયા તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરીને **VERIFIED FINAL** યાદી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટીને રજુ કરવાની રહેશે.

કલેકટર
અને
જિલ્લા મેજીસ્ટ્રેટ
આહવા-ડાંગ

પ્રતિ,

સંબંધિત અધિકારીશ્રી/કર્મચારીશ્રી તરફ
૨/- જાણ તથા અમલવારી કરવા સારૂ.

નકલ સવિનય રવાના:-

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ
૨/- આમુખ-૧ ના ઠરાવથી સુચના અન્વયે જાણ સારૂ.